# શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન મળ્યું પણ શ્રી સુધર્માસ્વામીનો ગચ્છ (ધર્મ) ક્યાં છે?

**જૈનો જાગો**
**વિશેષાંક**

હું કોઈ સંપ્રદાયમાં નથી, હું કોઈ વાદમાં નથી, હું કોઈ ગચ્છમાં નથી, હું શ્રી ભગવાન મહાવીર સ્વામીએ આપેલા બોધને અનુસરનાર એવા શ્રી સુધર્મા સ્વામીના ગચ્છમાં છું. એ ગચ્છમાં પરમાત્માના આપેલા તત્વોની સાચી સમજણ મળે અને મતિજ્ઞાનની નિર્મળતા થાય એવી સત્યની ઝુરણા જાગે એવી પરમાત્મા પાસે નમ્રતાપૂર્વક બાળક બનીને પ્રાર્થના કરૂં છું.

શ્રી સુધર્મા સ્વામીના ગચ્છની પરંપરાનો વ્યવહાર ધર્મ ક્યાં છે ? જૈન ધર્મના મૂળભૂત વ્રત, તપ, જપ ક્યાં છે, જેવા કે ઉણોદરી તપ, સામાયિકની સ્થિરતા, ચૌવિહારથી નવકારશી સુધીનું લગભગ ૧૨ કલાકનું સંસારભાવથી વિમુખપણું, પ્રતિક્રમણમાં પાપનું પ્રાયશ્ચિત અને ભાવીમાં એવા પાપો ન કરવા એવો સંકલ્પ. માસની દસ તિથી કે જે સાધુપણું ન લઈ શકવાથી દસ તિથી સાધુપણામાં રહેવાની સમજણ ક્યાં છે. (લિલોતરી ત્યાગવી એ જ તિથી કે આખો દિવસ તિથીમાં રહેવું એ તિથી ?) પરમાત્માની જિનભક્તિનો ઉત્કૃષ્ટ ભાવ ક્યાં છે? (ભવભવાંતરની ત્રણ સંજ્ઞા છોડીને) સામેવાળા જીવને લેશ પણ દુ:ખ ન થાય એવી વાણીની મધુરતા ક્યાં છે? (સામેવાળા જીવને જરાપણ દુ:ખ થાય એને પરમાત્માએ સૂક્ષ્મ હિંસા કહી છે.) અભયદાન ક્યાં છે? (જગતના સર્વ જીવોને નિર્ભયતા આપવી) સર્વશ્રેષ્ઠ એવું ગુપ્તદાન ક્યાં છે? ઘરમાં બીજા જીવો પાસે દાનવૃતિ કેટલી કેળવી? ટ્રસ્ટી બને તો તિર્થંકર નામકર્મ બાંધે એવું ટ્રસ્ટીપણું ક્યાં છે? પુણ્યાનુંબંધી પુણ્યની સાચી સમજણ ક્યાં છે? કર્યું, કારવ્યું અને અનુમોદ્યું એનો અર્થ શું? શ્રી નમસ્કાર મહામંત્ર વિશેની દ્રઢતા કેટલી? (દુ:ખો આવે ત્યારે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કેટલું યાદ આવે છે?) શ્રી તિર્થંકર પરમાત્મા પ્રત્યે શ્રધ્ધાનો ભાવ કેટલો? (પ્રતિકુળતાએ ભજવામાં પ્રસન્નતા)

સાધનાના માર્ગે ઉત્કૃષ્ટ પુરૂષાર્થ કરતા હોય એવા સાધુ-સાધ્વીઓ પ્રત્યે શ્રાવકોના શુધ્ધ ભાવો કેટલા? (નવકારશીની રસોઈ બનાવવા માટે કેટલા વાગે ચુલા ચાલુ કરે છે? (સૂર્યોદય પહેલા ન કરાય અને કરે તો કેવા દોષ લાગે?) જીવો શક્તિવર્ધક ગોચરી વહોરાવે છે કે આરોગ્યવર્ધક ગોચરી વહોરાવે છે, તેની સમજણ કેટલી? સાધુ-સાધ્વીઓને જરૂરીયાતની વસ્તુ વહોરાવાય કે સગવડતાવાળી વસ્તુ વહોરાવાય? જીવો સાધુ-સાધ્વીઓને ગોચરી વહોરાવે છે તે કેવા પ્રકારની છે? (સદોષ કે નિર્દોષ) જીવોએ સાધુ-સાધ્વીઓને સાદા દ્રવ્યો વહોરાવાય કે કિંમતી દ્રવ્ય વહોરાવાય? (કિંમતી દ્રવ્યો સાચવવાની ઉપાધી કેટલી?) ઉપાશ્રયો શા માટે છે? સાધુ-સાધ્વીઓને આવકારવા માટે કે રોકવા માટે? ઉપાશ્રય જૈન સંપ્રદાયની મિલ્કત કહેવાય કે મર્યાદિત જીવોની મિલ્કત કહેવાય? અને મર્યાદિત જીવોની મિલ્કત ઉપર અધિકાર હોય તો ચતુર્વિધ સંઘની મિલ્કત કેવી રીતે કહેવાય? અને જો ચતુર્વિધ સંઘની મિલ્કત હોય તો સાધુ-સાધ્વીઓને આવતા કેવી રીતે રોકી શકાય અને જો રોક્યા હોય તો કેવા પ્રકારની વિરાધના કરી ગણાય? બ્લોકોને જો ઉપાશ્રય ગણાવી શકાય તો ઉપાશ્રયને શું કહેવાય? (ઉપાશ્રયથી કેટલા દૂર શ્રાવકોના રહેણાંક હોય છે અને બ્લોકોથી કેટલા નજીક શ્રાવકોનાં રહેણાંક હોય છે અને એવા બ્લોકોમાં સાધુ-સાધ્વીઓએ કેટલા સમય સુધી સ્થિરતા કરવી તે વ્યાજબી છે?)

જૈન ધર્મમાં વ્યક્તિપૂજાની જરૂર કેટલી? કેવા જીવની કેવા જીવ થકી પૂજા કરાય? કેવા પ્રકારના ગુણોવાળા જીવોની અને કેવા પ્રકારના ભાવોવાળા જીવો પૂજાના અધિકારી બને અને જીવો પૂજા કરીને અનંત ભવોમાંથી અલ્પ ભવી કેવી રીતે થાય અને નિષ્કામપણે બળવાન પુણ્યનું ઉપાર્જન કેવી સહજતાથી થાય અને ઓછી સમજણવાળા જીવોની જડતાપૂર્વક બીજા જીવો અગર પૂજા કરે તો કેવા પ્રકારના દોષોમાં પડે તેની ભાવી લેખાંકમાં વિચારણા કરશું. આ પૂજનનું કાર્ય વ્યવહારધર્મ સાચવીને કરાય કે વિવાદ સર્જીને કરાય?

મુંબઈ એક ગામ કહેવાય કે અનેક ગામ કહેવાય? (એક ગામથી બીજે ગામ ચોમાસામાં જવાય કે ન જવાય? એક ગામમાં કેટલા ચોમાસા કરવા વ્યાજબી ગણાય?)

જૈન ધર્મનું મૂળ લક્ષણ અને અદ્‌ભુત સુવિચાર **'સવી જીવ કરૂં શાસન રસી'** અને એ સુવિચારને પૂર્વમાં જીવો આરાધતા આરાધતા તિર્થંકર નામકર્મ બાંધ્યું અને એવા સુવિચારને વર્તમાનમાં અને ભાવીમાં પણ તિર્થંકર નામકર્મ બંધાય એવો બોધ પડેલો છે. તો આપણા જીવનમાં આ બોધ કેટલા અંશે આવેલો છે. આપણા જૈન ધર્મની પરંપરા કેવી? અન્યધર્મીઓને જૈન ધર્મ તરફ વાળવા માટે અને વળેલાને ટકાવવા માટે પ્રાણ અને માથા આપેલા છે. અને મતિજ્ઞાનની પૂર્ણ નિર્મળતાનો અને શાસ્ત્રની સાચી સમજણનો સમન્વય કરીને અન્ય ધર્મીઓને મનાવ્યા અને પ્રસન્નતા આપી. એની સામે અત્યારે આપણે આપણા ધર્મીઓથી આપણો ધર્મ બચાવવો પડે છે તે કેવા પ્રકારની સમજણ? અને એમાં પરમાત્માનો કયો બોધ પડેલો છે? આપણે અત્યારે મનાવવા નીકળ્યા છે કે નમાવવા નીકળ્યા છે? (મનાવવા એ નમ્રતાનો ગુણ છે અને નમાવવા એ અહંકારનો ગુણ છે.)

ટ્રસ્ટીઓની ચૂંટણી કરાય કે શ્રાવકોના વિશાળ સમુદાયના હિતને લક્ષમાં રાખીને સંસ્થાના ટ્રસ્ટીઓની નિમણૂંક કરાય?

જૈન ધર્મના સિધ્ધાંતોનું શ્રાવકોમાં સ્થાપન જૈનાચાર્યો કરાવે કે ન્યાયાલયમાંથી નક્કી થાય તે મુજબ કરવાનું હોય? જે જીવોને ચૂંટણીમાં કે ન્યાયમાં વિજય મળે ત્યારે સામેવાળા જીવોની કેવી સ્થિતી થાય તેનો વિચાર વિજેતા

**આપણે જન્મે જૈન બન્યા પણ જૈન જેવું જીવન કેટલું જીવ્યા? આપણા જીવનમાંથી બીજા જીવોને જૈનપણું કેટલું વર્તાણું એવું જીવોએ ક્યારેય વિચાર કર્યો?**

**હું કોઈ સંપ્રદાયમાં નથી, હું કોઈ ગચ્છમાં નથી,**
**હું શ્રી મહાવીર સ્વામીના બોધેલા ધર્મમાં છું.**
**ધર્મ (શાસ્ત્રની સાચી સમજણ) આવે તો જીવનમાં ક્રાંતિ આવે**
**ક્રાંતિ આવે તો જીવમાં પડેલી ભ્રાંતિ તૂટે**
**ભ્રાંતિ તૂટે તો શ્રી સુધર્મા સ્વામીનો ગચ્છ (ધર્મ) આવે.**

જીવોએ ક્યારેય કર્યો છે? વિજયના ઉત્સાહમાં કેવા પ્રકારનો દોષ પ્રાપ્ત કર્યો તેની જીવને ખબર છે? **(પરપીડનમાં આનંદ મેળવે તો કેવા કર્મોનું બંધ કરે?)**

જીવોને ધર્મની સાચી સમજણ ગમે ત્યાંથી મળે અને ગમે તે પુસ્તકમાંથી મળે તે પુસ્તકમાંથી મેળવવી જોઈએ, તે સમજણ મેળવવા માટે વેશનો કે સંપ્રદાયનો આગ્રહ ન હોવો જોઈએ. તે સાચી સમજણને પોતાના કુળ સંપ્રદાયમાં મળેલી ક્રિયાઓમાં સમાવેશ કરીને આત્માનું કલ્યાણ કરવું જોઈએ.

શ્રી મહાવીર ભગવાને બોધેલો ધર્મ શું? અધર્મથી દૂર રહેવું અને આત્મામાંથી ધર્મને પ્રકાશીત કરવો ધર્મ ક્યાંય કરવા જવાની જરૂર નથી. અધર્મ ન કરવો એજ ધર્મ છે. (કષાયને ટાળવા અને ગુણોને પ્રગટાવવા એજ ધર્મ છે.)

સર્વ ધર્મોમાં સમાન તત્વો પડેલા હોય તો તે સમાન તત્વોનો સાર તે મોક્ષધર્મ. મોક્ષધર્મ કોઈ સંપ્રદાયમાં નથી, કોઈ ગચ્છમાં નથી, કોઈ વાદવિવાદમાં નથી. દરેક સંપ્રદાયોની ક્રિયાઓ જ્ઞાનીઓએ આત્મધર્મનું સ્થાપન કરીને અને બાળજીવોને પ્રાથમિક અવસ્થાએ સંસારભાવોથી દૂર થવા માટે નિવૃતિના સમયનો ધર્મભાવમાં ભાવશુધ્ધિ રહે અને વધારેમાં વધારે સમય અશુભમાંથી શુભમાં અને શુભમાંથી શુધ્ધમાં જવાની ક્રિયાના સ્થાપન માટે જ્ઞાની પુરુષોએ દેશકાળ પ્રમાણે વ્રત, જપ, તપ અને ક્રિયાઓ આપેલી છે અને તે દરેકમાં જો આત્મધર્મનું લક્ષ્ય રાખીને જીવો પોતાના સંપ્રદાયના વ્રત, તપ, જપમાં આદરપૂર્વક રહે (આગ્રહ પૂર્વક નહીં) તો જીવનું આત્મકલ્યાણનું કારણ બને અને સહજ રીતે બળવાન પુણ્ય બંધાય.

ૐ આનંદ **આનંદ આનંદ**

જૈન ધર્મની 'જૈનો જાગો' વિષેના લેખાંકો મુલુન્ડ ટાઈમ્સના ગુર્જરમાતમાં પ્રકાશિત કરીને જીવોને યર્થાથ સ્વરૂપની સમજણ આપવામાં માનનીય શ્રી જયંતભાઈ તથા આદરણીય શ્રી સુભાષભાઈ તથા સહૃદયી સર્વ જીવો (લેખાંક પ્રકાશિત કરવામાં સહભાગી જીવો) જે પ્રકારે તન, મન, ધનથી, મન, વચન, કાયાથી, સુખ, શાંતી અને સમૃધ્ધિને ત્યાગીને અને આધી વ્યાધી અને ઉપાધી સ્વીકારીને જે રીતે સહયોગ આપી રહ્યા છે તેવો સહયોગ સતત જળવાતો રહે અને દિનપ્રતિદિન સર્વ જીવોની મતિજ્ઞાનની નિર્મળતામાં વધારો થાય અને પરમાત્મા એ સર્વ જીવોને આ ભવમાં સુખ, શાંતી અને સમૃધ્ધિ વધે અને ભાવી ભવોમાં મુક્તિનું કારણ બને એવી પરમાત્મા પાસે યાચકપણે પ્રાર્થના કરીએ છીએ.

આ જગતમાં સારા ભાવોનું, સારા વિચારોનું, સારા કાર્યોનું, સારા સંજોગોનું અને સારા પરીણામોનું કારણ જગતમાં વર્તતું સત્પુરુષોનું યોગબળ છે અને એવું યોગબળ શ્રી જયંતભાઈ, શ્રી સુભાષભાઈ તથા સહૃદયી જીવો ઉપર વર્ષે એવી બાળક સ્વરૂપે સત્પુરુષો પાસે પ્રાર્થના.

તંત્રી સ્થાનેથી - .....

# જૈન સંપ્રદાયનાં વિવાદાસ્પદ બે મુદા : નવઅંગ પૂજન અને બે તિથીનો વિવાદ. આ બન્ને વિવાદાસ્પદ વિષયને

# ચરમ સીમાએ કોણ લઈ ગયું ? શ્રાવકો કે ધર્માચાર્યો ?

**જૈન સંપ્રદાય ઉર્ધ્વગમનનાં પંથે કે અધ:પતનનાં માર્ગે ?**

જૈન સંપ્રદાયમાં આ બન્ને વિવાદ ઘણાં સમયથી ચાલતા હતા. પણ તે વાત સંપ્રદાયનાં મર્યાદીત શ્રાવકો અને ધર્માચાર્યો પૂરતી સીમીત હતી અને આવું તો દરેક ધર્મ અને સંપ્રદાયમાં બનતું હોય છે. વિચારભેદને કારણે અને મતમતાંતરનાં કારણે વિવાદ થતા હોય છે. અને તે ઘરની વાત સમજીને સ્વિકાર્ય ગણાય. પણ જ્યારે વિવાદસ્પદ મુદ્દે ન્યાયાલયમાં જવું પડે, જાહેરમાં પોસ્ટર યુધ્ધ કરવું પડે અને જૈન ધર્મના આગળ પડતા શ્રેષ્ઠીએ જાહેરમાં હાથ ઉંચા કરીને કહેવું પડે કે હવે લાકડીઓ ઉડશે. ત્યારે એમ થાય કે શ્રાવકો કેટલા લાચાર છે અને જૈન ધર્મનાં ધર્માચાર્યો શું કરાવવા માંગે છે, તેનો વિચાર કરવાનો સમય પાકી ગયો છે.

અનુસંધાન પાના નં ....

અનુસંધાન પાના નં ....થી ચાલુ...

અને જો અત્યારથી તેનાં ઉપાયોમાં (સમાધાનમાં) લાગી જઈએ તો પરમ કૃપાળું પરમાત્મા તેમાં અવશ્ય સહાય કરે. આ પ્રકારની સમજણ કેળવીને અમે વાચક વર્ગ પાસેથી સમાધાનને લગતા મંતવ્યો માગીએ છીએ. મંતવ્યમાં કોઈપણ પક્ષકારને ખોટો કે ખરાબ ગણાવવાના નથી. દરેક પક્ષ, દરેક પક્ષનાં ધર્માચાર્યો અને શ્રાવકો પોતાની સમજણે સાચા છે તેમ માનીને કોઈપણ ધર્માચાર્યો કે શ્રાવકોનો ઉલ્લેખ કે તમનું ખંડન કે અસહિષ્ણુતાનો ઉલ્લેખ કર્યા વગર અને શાસ્ત્રોનો પણ આધાર લીધા વગર ફક્ત દેશ કાળને લક્ષમાં રાખીને જૈન સંપ્રદાયનાં સાધુ-સાધ્વીજી શ્રાવક-શ્રાવિકાઓ નિર્ભયપણે અને સમતાભાવે આત્મધર્મ કરી શકે અને સંપ્રદાયનાં સર્વ ભવ્ય જીવો જૈન કહેડાવવામાં ગૌરવ અનુભવે અને જૈન સંપ્રદાયની ‘અહિંસક’ ભાવે એકતા જળવાય તેવું ઈચ્છીને

**“સમાધાન નાં સર્વ મંતવ્ય સ્વિકાર્ય”**
**અને**
**“વિવાદનાં સર્વ મંતવ્ય અસ્વિકાર્ય”.**

સંપ્રદાયનાં દરેક જીવો પોતાની સમજણનાં સમાધાનનાં ઉપાયો મોકલી શકે છે. તેને સમયાનુસાર પાના નં..... ઉપર છાપતા રહેશું. આમાં દરેક જીવો પોતાની સમજણને ઉપયોગમાં લઈને સંપ્રદાયની એકતા માટે અને શ્રી મહાવીર સ્વામી ભગવાનનું નામ મોટું કરવામાં યથાશક્તિ સમજણનો ઉપયોગ કરે. આમાં કોઈએ પોતાની સમજણને નાની ગણવાની નથી અને અમારૂં કાંઈ ઉપજે નહીં તેમ માનવાની જરૂર નથી.

**‘સંઘર્ષ માટે બુધ્ધિની તિક્ષ્ણતા જોઈએ’**
**સમાધાન માટે બુધ્ધિની નિર્મળતા જોઈએ’**

અને શ્રાવકોએ ધર્મમાં બહું બુધ્ધિનો ઉપયોગ કર્યો નથી માટે શ્રાવકો પાસે થોડી ઘણી પણ બુધ્ધિની નિર્મળતા પડી છે, તેનો શ્રાવકો ઉપયોગ કરે અને જૈન સંપ્રદાયનાં અનેકાંતવાદનાં ધર્મને બળવાન કરે.

**“જૈન ધર્મનાં પાયાનો સિધ્ધાંત અનેકાંતવાદ” વર્તમાનમાં ચાલી રહ્યો છે એકાંતવાદ અને આમ જ ચાલશે તો આતંકવાદ દૂર નથી.**

અસ્તુ ॐ શાંતિ ॐ શાંતિ ॐ શાંતિ